**પ્રાથમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ**
**ભરવા વિદ્યાસહાયક યોજના.**
**પસંદગીના ધોરણ બાબત.**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
સચિવાલય ગાંધીનગર
તા.૨૧-૬-૨૦૦૦

સંદર્ભ

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮ નો ઠ. ક. પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭-(૯૮)-ક
(૨) શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮ નો ઠ.ક. પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
(૩) શિક્ષણ વિભાગના તા.૯-૬-૯૮ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ-એસએચ-૯-ટીસીએમ-૧૪૮૯-૯૦૬-૯૮-ન

ઠ રા વ

સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિદ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મુકી છે. ૧૯૯૮-૯૯ ના શૈક્ષણિક વર્ષથી રાજ્ય સરકારે સંદર્ભ-૩ ના જાહેરનામાથી અધ્યાપન મંદિરોમાં પ્રાયમરી ટીચર્સ ટ્રેનીંગ કોર્ષ (પી.ટી.સી.) ની વ્યવસાયિક તાલીમમાં પ્રવેશ માટેની શૈક્ષણિક લાયકાતમાં સુધારો કરીને સેકન્ડરી સર્ટીફિકેટ એકઝામીનેશન ( એસ.એસ.સી.ઇ.) ને બદલે હાયર સેકન્ડરી સર્ટીફિકેટ એકઝામીનેશન (એચ.એસ.સી.ઇ.) કરેલ છે. તેને અનુલક્ષીને સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવમાં, વિદ્યાસહાયકની જગ્યા માટેના ઉમેદવારોની લાયકાતો અને પસંદગી ધોરણો સુધારવા બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવે છે.

(૧) સંદર્ભ-૧ માં જણાવેલ ઠરાવના ફકરા -૪ (ખ) ની જોગવાઇને બદલે નીચે પ્રમાણેની જોગવાઇ કરવામાં આવે છે.

૪(ખ) ઉમેદવારે નીચે જણાવેલ કેળવણી વિષયક લાયકાતની પરીક્ષાઓ પાસ કરેલી હોવી જોઇએ.

(૧) એચ.એસ.સી. / પી.ટી.સી.
અથવા
એસ.એસ.સી / પી.ટી.સી

(૨) તાલીમી સ્નાતક

(૩) એચ.એસ.સી., સીપીએડ (૫ ટકા)
અથવા
એસ.એસ.સી., સીપીએડ (૫ ટકા)

(૨) ઉમેદવારોની પસંદગી માટે સંદર્ભ-૧ ના ઠરાવના ફકરા (૪) માં નકકી કરેલ ધોરણોને બદલે નીચે જણાવેલ ધોરણોની જોગવાઇ કરવામાં આવે છે.

(૧) એચ.એસ.સી./ પી.ટી.સી. અને એસ.એસ.સી./ પી.ટી.સી.ની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે

(ક) એચ.એસ.સી./ એસ.એસ.સી.માંથી મેળવેલ ગુણના ૪૦ ટકા

(ખ) પી.ટી.સી. માંથી મેળવેલ ગુણના ૬૦ ટકા

નોંધ- (૧) એચ.એસ.સી. માં પ્રાયોગિક અને સૈધ્ધાંતિક ના કુલ ગુણ ગણતરીમાં લેવાના રહેશે.

(૨) ધોરણ ૧૦ પછી પીટીસીમાં સમુહ જીવન-૭૫, બુનિયાદી ઉધોગ વાર્ષિક કામના ૧૦૦ અને સહાયક ઉધોગ વાર્ષિક કામના ૫૦ ગુણ ગણતરી માટે ધ્યાને લેવાના નથી.

(૩) ધોરણ ૧૨ પછી પી.ટી.સી. પરીક્ષા પાસ કરનાર ઉમેદવારની પી.ટી.સી.ની ગુણ ગણતરીમાં પી.ટી.સી.ના કુલ ૧૫૫૦ ગુણમાંથી સમુહ જીવન ૧૦૦ ગુણ, કાર્ય શિક્ષણ ૧૦૦ ગુણ, અને વાર્ષિક શિક્ષણ કાર્ય ૧૦૦ ગુણ એમ કુલ ૩૦૦ ગુણ બાદ કરીને ગુણ ગણતરી કરવાની રહેશે.

(૨) તાલીમી સ્નાતક માટે

(ક) સ્નાતક પરીક્ષામાં મેળવેલ ગુણના ૪૦ ટકા

(ખ) બી.એડ.માં મેળવેલ ગુણના ૬૦ ટકા

(૩) સી. પી. એડ.

(ક) એચ.એસ.સી./ એસ.એસ.સી.માંથી મેળવેલ ગુણના ૪૦ ટકા

(ખ) સી.પી.એડ.માંથી મેળવેલ ગુણના ૬૦ ટકા

(૪) ઉમેદવારોની પસંદગી માટે અનુસરવાના ધોરણો નકકી કરવા માટે એચ.એસ.સી /પી.ટી.સી. અને સી.પી.એડ. અને એસ.એસ.સી./ પી.ટી.સી. અને સી.પી.એડ.ની લાયકાત ધરાવતા ઉમેદવારે જે જાહેર પરીક્ષાના આધારે પી.ટી.સી./સી.પી.એડની તાલીમમાં પ્રવેશ મેળવ્યો હશે તે પરીક્ષાના જ ગુણ ગણતરીમાં લેવાના રહેશે.

સંદર્ભ-૧ અને ૨ માં જણાવેલ ઠરાવથી નિયત કરેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. કે. ભાવસાર)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી શિક્ષણ અને રાજયકક્ષાના મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજય, ગાંધીનગર.
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સર્વે. શાસનાધિકારીશ્રી, નગર પંચાયત મહાનગર પાલિકા, નગર પાલિકા.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, ગાંધીનગર.
માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
શિક્ષણ વિભાગની સર્વે શાખા / સિલેકટ ફાઇલ.